**સમૃધ્ધ બાળક** **સમૃધ્ધ ભારત**

# ચાલો ભણવા...ચાલો રમવા...શાળા બોલાવે છે

## શિક્ષણના કાયદાનું અમલીકરણ....

અરે હાં, હવે શિક્ષણમાં ખરી લોકશાહી અને સત્તા લોકોના હાથમાં હવે આવી છે. શું આપ જાણો છો આપણાં દેશમાં ૬-૧૪ વર્ષના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો એપ્રિલ-૨૦૦૯ થી અમલમાં આવ્યો છે. આ કાયદો વાલીઓ, બાળકો તથા શિક્ષકોના સપનાને સાકાર હવે કરશે. કારણકે આ કાયદાના આયોજન દ્વારા બાળકોના શિક્ષણમાં યોગ્ય અને ગુણવત્તા સભર સુધારા માટે માટે વાલીઓને પણ સહભાગીદાર બનાવવામાં આવ્યા છે. વાલીઓની પણ મહત્વની ભુમિકા શાળા વ્યવસ્થાપન સમિતી બનાવીને નક્કી કરવામાં આવી છે. તો શું છે આ કાયદો અને આ કાયદામાં શાળા વ્યવસ્થાપન સમિતી શું છે? કેવી રીતે બને છે? તે અચુક જાણવું જોઇએ.

| શાળા વ્યવસ્થાપન સમિતી વિશે જાણો. | જાણો આ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર-૨૦૦૯ કાયદો શું છે. |
|---|---|
| ✶ શાળા વ્યવસ્થાપન સમિતી શાળાની દેખરેખ રાખવામાં શિક્ષકોને મદદરૂપ થવા માટે બનાવવામાં આવી છે.<br>✶ શાળાએ જતા બાળકોના વાલીઓ તેના સભ્ય રહેશે. કુલ સભ્યોની સંખ્યા ૧૨ રહેશે.<br>✶ આ સમિતીમાં બાળકોના વાલીઓ ૭૫ ટકા રહેશે અને તેમાં મહિલાઓ ૫૦ ટકા હોવી જરૂરી છે. આ ૭૫ ટકા સભ્યો શાળામાં ભણતા દરેક બાળકોના વાલીઓ દ્વારા ચુંટીને નક્કી કરવામાં આવશે. જેમાંથી એક સભ્યને કમિટીનો અધ્યક્ષ બનાવવામાં આવશે.<br>✶ એક સ્થાનિક સત્તાતંત્રનો સભ્ય રહેશે તથા એક સભ્ય શિક્ષકોમાંથી જે નક્કી કરવામાં આવશે તે રહેશે. શાળા પરિવાર તરફથી નક્કી કરવામાં આવેલ સભ્ય આ કમિટીના સભ્ય સચિવ બનશે.<br>✶ એક સ્થાનિક કડીયો તેનો સભ્ય રહેશે.<br><br>**શાળા વ્યવસ્થાપન સમિતીના કાર્યો**<br>✶ દર ત્રણ મહિને આ સભ્યોની એક મિટીંગ મળશે જેમાં શાળા વિકાસના દરેક પ્રકારના કાર્યો કઇ રીતે કરવા તે અંગેના નિર્ણયો શાળા પરિવાર સાથે મળીને લેવામાં આવશે.<br>✶ શાળામાં, શાળા બહાર તથા શાળા છોડી દિધેલ બાળકોને જો તેમની ઉંમર ૬-૧૪ વર્ષની હોય તો આવા દરેક બાળકોને શાળામાં લાવવાની જવાબદારી શાળા વ્યવસ્થાપન સમિતીની રહેશે.<br>✶ શાળાના નજીકના વિસ્તારના દરેક બાળકોના નામાંકન શાળામાં થાય અને બાળકો નિયમિત શાળાએ આવે તેનું ધ્યાન રાખવુ.<br>✶ શાળામાંથી બાળકોને મળતી તમામ પ્રકારની સેવાઓ અંગે નિરીક્ષણ અને દેખરેખ રાખવી. શિક્ષકોને મદદરૂપ બનવુ.<br>✶ વિકલાંગ બાળકોની ઓળખ અને તેમનું નામાંકન તથા ભણવા માટેની બાબતોનું ધ્યાન રાખવુ.<br>✶ શાળાની મુલાકાત લેવી તથા બાળકોનુ શિક્ષણ ગુણવત્તા સભર બને તે રીતે શિક્ષકોને મદદરૂપ બનવુ.<br>✶ શાળાની શૈક્ષણિક અને ભૌતિક જરૂરીયાતો નું નિરીક્ષણ કરવુ અને તેને શાળામાં ઉપલબ્ધ કરાવવા માટે શિક્ષકોને મદદરૂપ થવુ.<br>✶ શાળામાં મળતા મધ્યાહન ભોજનની ગુણવત્તા અને કામગીરીનું ધ્યાન રાખવુ.<br>✶ રાજય સરકાર અને સ્થાનિક સત્તાતંત્ર દ્વારા શાળા વિકાસમાટે જે સહાય મળે તેનો શાળા પરિવાર સાથે મળીને બાળકોના વિકાસ માટે યોગ્ય ઉપયોગ થાય તે માટે સહાયરૂપ બનવુ. | ✶ દેશભરનાં (જમ્મુ અને કાશ્મિર રાજ્ય સિવાયનાં) ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને ધર્મ, જાતિ, લિંગ, શારિરીક ક્ષમતાનાં ભેદભાવ વગર પ્રાથમિક શિક્ષણનો મૂળભુત અધિકાર હવે વૈધાનિક અધિકાર બને છે.<br>✶ આ કાયદો સરકારી શાળાઓ, અનુદાન મેળવતી શાળાઓ, નવોદિત શાળાઓને લાગુ પડે છે.<br>✶ બાળકને પ્રવેશ કરવાના સમયે કોઇપણ પ્રકારનાં દસ્તાવેજનાં અભાવનાં કારણે પ્રવેશ અટકાવી શકાય નહિં.<br>✶ ખાનગી શાળામાં નબળા વર્ગમાંથી આવતા બાળકો માટે ૨૫ ટકા આરક્ષણ છે.<br>✶ જે બાળકોને શાળામાં પ્રવેશ ન મળ્યો હોય કે શાળામાં પ્રવેશ મેળવ્યા બાદ અધવચ્ચે શાળા છોડી દીધી હોય તેવા બાળકોને ઉંમર અનુરૂપ શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર મળે છે.<br>✶ શાળાનું સંચાલન કરવા માટે શાળા વ્યવસ્થાપન સમિતીની રચના કરવાનું ફરજીયાત છે.<br>✶ સામાન્ય રીતે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં અથવા લંબાવેલ સમય સુધીમાં બાળક પ્રવેશ મેળવી શકે છે. કાયદામાં એવી પણ જોગવાઈ છે કે લંબાવેલ સમય પછી પણ બાળક પ્રવેશ મેળવવા ઈચ્છે તો તેનો પ્રવેશ અટકાવી શકાશે નહીં.<br>✶ પ્રાથમિક શિક્ષણનો તબક્કો ધોરણ ૧ થી ૮ રહેશે. તેનાં માટે બાળક કે તેના વાલી પાસેથી પ્રાથમિક શિક્ષણ પુરું થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની ફ્રી વસુલ કરી શકાશે નહીં.<br>✶ બાળકને પોતાના વિસ્તારની નજીકની શાળામાં પ્રવેશ મેળવવાનો અધિકાર છે.<br>✶ જે વિસ્તારમાં શાળા ન હોય ત્યાં ૩ વર્ષમાં શાળા સ્થાપવા રાજ્ય જવાબદાર છે.<br>✶ શિક્ષણનું માધ્યમ શક્ય હોય ત્યાં સુધી બાળકની માતૃભાષામાં રહેશે.<br>✶ જે બાળક પ્રાથમિક શિક્ષણ પુરું કરે તેને પુરસ્કાર રૂપે પ્રમાણપત્ર આપવામાં આવે છે.<br>✶ શિક્ષકોનાં ખાનગી ટ્યુશન કે ખાનગી શિક્ષણ પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.<br>✶ બાળકોને શારિરીક કે માનસીક હેરાનગતી આપી શકાશે નહીં.<br>✶ બાળકને પ્રાથમિક શાળામાં પ્રવેશ આપ્યા બાદ તેને કોઇ પણ ધોરણમાં અટકાવી શકાતો નથી કે બરતરફ કરી શકાતો નથી.<br>✶ આ કાયદા હેઠળ બાળકોના અધિકારને લગતી કોઇ પણ ફરિયાદ લેખિક સ્વરૂપે સ્થાનિક સત્તામંડળને આપી શકાય છે. |

**સંદેશઃ-** મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો-૨૦૦૯ એ શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો માટે આશિર્વાદ રૂપ છે તેથી દરેક વાલીઓને વિનંતી કે તેઓ તેમના ૬-૧૪ વર્ષના બાળકોને ફરજીયાત શિક્ષણ અપાવે અને આ કાયદામાં સહભાગી બને અને તેમની ફરજ નીભાવે તો ચાલો બાળકનું શાળામાં નામાંકન કરાવીએ અને સુખી-સમૃધ્ધ સમાજ બનાવીએ.

Centre for Development
CfD

Association for India's Development
aid courage | commitment | change